

# આત્મધર્મ


[૪૬૬]

ઓગસ્ટ વર્ષ : ૩૯

૧૯૮૨ અંક : ૨

# પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો અપાર ઉપકાર

[પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષરમાં]

હે પરમ કૃપાળુ ગુરુદેવ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરું? આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરું? આ આત્માના દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે. આપે આ ભારતના જીવોને જાગ્રત કર્યા છે, અંતરમાં આત્મા તરફ વાળ્યા છે.

હે ગુરુદેવ! આપના શુદ્ધાત્મામાં પ્રગટેલા શુદ્ધ પર્યાયોના—જ્ઞાન-વિરક્તિ આદિની છાયા આપના અંતરમાં તેમજ આપની મુદ્રામાં છવાઈ ગઈ હતી.

હે ગુરુદેવ! આપના અંતરમાં ચૈતન્યરત્નાકર-સ્પર્શી સાતિશય શ્રુતજ્ઞાનની ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝગમગાતા જ્ઞાન-દીવડા પ્રકાશિત રહ્યા હતા; આપની સાતિશય વાણી ચૈતન્યદેવનો અદ્ભુત ચમત્કાર દેખાડનારી હતી.

હે ગુરુદેવ! આપનું ચૈતન્યહૃદય મંગળસ્વરૂપ અને મંગળતા પ્રગટાવનાર તથા અલૌકિક દિવ્ય હતું.

[અનુસંધાન ટાઇટલ ૩ ઉપર]

વાર્ષિક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૯
અંક ૨
[ ૪૬૬ ]






વીર
સંવત
૨૫૦૮
A.D. 1982
AUG.


શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર



## * સદ્‌ગુરુદેવને વંદન *

કહાનગુરુ ઓ! વહાલા પુનઃ પધારજો!
સીમંધર-ગણધરના સત્‌સંગી તમે,
આવ્યા રંકઘરે શો પુણ્યપ્રભાવ જો;
અર્પણતા પુરી ના અમને આવડી,
લેશ ન લીધો ઉરકરુણાનો લાભ જો .. કહાનગુરુ૦

સત્યામૃત વરસાવ્યાં આ કાળે તમે,
આશય અતિશય ઊંડા ને ગંભીર જો;
નંદનવન સમ શીતળ છાંય પ્રસારતા,
જ્ઞાનપ્રભાકર પ્રગટી જ્યોત અપાર જો... કહાનગુરુ૦

અણમૂલા સુતનુ ઓ! શાસનદેવીના!
આત્માર્થીની એક અનુપમ આંખ જો!
સંત સલૂણા! કલ્પવૃક્ષ! ચિંતામણિ!
પંચમકાળે દુર્લભ તમ દિદાર જો....કહાનગુરુ૦







પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની


## પાવનકારી ૬૯ મી જન્મજયંતી પ્રસંગે


'બહેનશ્રીનાં વચનામૃતો'માંથી વીણેલાં ૬૯ રત્નો

૧. અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે?

૨. જેમ કાદવમાં કમળ નિર્લેપ રહે છે તેમ ચૈતન્ય પણ ગમે તે કર્મસંયોગમાં નિર્લેપ રહે છે.

૩. દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, ચારિત્રદશા પ્રગટે, પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી. આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે, ઘણું ભર્યું છે, તે આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી.





૪. શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ નથી. શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી.

૫. નિજ ચેતનપદાર્થના આશ્રયે અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે. અગાધ શક્તિમાંથી શું ન આવે ?

૬. જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી—એવા દેવ શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભભાવ તે પણ પરમાર્થે હેય છે.


૭. અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા; માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.

૮. કોઈ પણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી. ત્યાં કોઈ જીવ તો, જેમ ઘોડો છલાંગ મારે તેમ, ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે, તો કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.

૯. પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ. આત્માના જે સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે.

૧૦. મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીયે તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ.' આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું.

૧૧. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેંદ્રસ્તુતિ ઇત્યાદિ કર્યા કરે છે. એ બધાનો સંક્ષેપ 'શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે.



૧૨. હવે તો મારે બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે.—આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે, પ્રતીતિ કરે, તો સાચી શાન્તિ મળ્યા વિના રહે નહીં.

૧૩. રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે. રુચિ મંદ પડી જતાં આડે અવળે ચડી જાય ત્યારે અઘરું લાગે અને રુચિ વધતાં સહેલું લાગે.


૧૪. સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે—એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.

૧૫. જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ અને જ્ઞાયકના દૃઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ.


૧૬. કોઈ પણ પ્રસંગમાં એકાકાર ન થઈ જવું. મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે? પ્રથમ ભૂમિકામાં પણ 'માત્ર મોક્ષ અભિલાષ' હોય છે.


૧૭. જે મોક્ષનો અર્થી હોય, સંસારથી જેને થાક લાગ્યો હોય, તેના માટે ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે જેમાંથી માર્ગ સૂઝે છે.

૧૮. ખરું તો, અંદરથી થાક લાગે તો, જ્ઞાની દ્વારા કંઈક દિશા સૂજ્યા પછી અંદરમાં ને અંદરમાં પ્રયત્ન કરતાં આત્મા મળી જાય છે.



૧૯. 'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું' એમ માનતાં હોવા છતાં 'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે.





૨૦. ચૈતન્ય-ચમત્કારસ્વરૂપ સ્વસંવેદન તે જ સાધકનું લક્ષણ છે. જે ઊંડે ઊંડે રાગના એક કણને પણ લાભરૂપ માને છે, તેને આત્માનાં દર્શન થતાં નથી.

૨૧. નિસ્પૃહ એવો થઈ જા કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એક આત્માની જ રઢ લાગે અને અંદરમાંથી ઉત્થાન થાય તો પરિણતિ પલટ્યા વિના રહે નહીં.


૨૨. મુનિરાજનો નિવાસ ચૈતન્યદેશમાં છે. ઉપયોગ તીખો થઈને ઊંડો ઊંડો ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે. બહાર આવતાં મડદા જેવી દશા હોય છે. શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે.

૨૩. મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે. દેહમાં વીતરાગ દશા છવાઈ ગઈ છે. જિન નહિ પણ જિન-સરખા છે.

૨૪. આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પકાળમાં ચાલ્યો જશે. માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે, તેમ એકલો જ સુખના પંથે જા, એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે.

૨૫. સહજ તત્ત્વનો કદી નાશ થતો નથી, તે મલિન થતું નથી, તેમાં ઊણપ આવતી નથી. શરીરથી તે ભિન્ન છે, ઉપસર્ગ તેને અડતા નથી, તરવાર તેને છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગ–દ્વેષ તેને વિકારી કરતા નથી. વાહ તત્ત્વ!

૨૬. સમ્યગ્દષ્ટિને પુરુષાર્થ વિનાનો કોઈ કાળ નથી. પુરુષાર્થ



કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યારથી પુરુષાર્થનો દોર ચાલુ જ છે. સમ્યગ્દૃષ્ટિને આ પુરુષાર્થ સહજ છે, હઠપૂર્વકનો નથી.

૨૭. સહજ જ્ઞાતાધારા ટકી રહી છે તે પુરુષાર્થથી ટકી રહી છે. પરમ તત્ત્વમાં અવિચળતા છે; પ્રતિકૂળતાના ગંજ આવે, આખું બ્રહ્માંડ ખળભળે, તોપણ ચૈતન્યપરિણતિ ડોલે નહિ—એવી સહજદશા છે.


૨૮. તું જ્ઞાયકસ્વરૂપ છો. બીજું બધું તારાથી છૂટું પડયું છે, માત્ર તેં તેની સાથે એકત્વબુદ્ધિ કરી છે.


૨૯. શુભભાવ આવશે ખરા. પણ 'શુભ ભાવથી ક્રમે મુક્તિ થશે, શુભભાવ ચાલ્યા જાય તો બધું ચાલ્યું જશે અને હું શૂન્ય થઈ જઈશ' —એવી શ્રદ્ધા છોડ


૩૦. જેમ અજ્ઞાનીને 'શરીર તે જ હું, આ શરીર મારું' એમ સહજ રહ્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી, તેમ જ્ઞાનીને 'જ્ઞાયક તે જ હું, અન્ય કાંઈ મારું નહિ' એવી સહજ પરિણતિ વર્ત્યા કરે છે.

૩૧. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે ગુરુદેવશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હંમેશાં ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા જેવું છે. અવસર ચૂકવા યોગ્ય નથી.

૩૨. પૂર્વે અનંતવાર કરેલા શુભ ભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે—જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે.







૩૩. જેણે આત્મા ઓળખ્યો છે, અનુભવ્યો છે, તેને આત્મા જ સદા સમીપ વર્તે છે, દરેક પર્યાયમાં શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે.

૩૪. ચૈતન્યતત્ત્વ અદ્ભુત, અનુપમ ને અવર્ણનીય છે. તે સ્વાનુભવમાં જ ખરું ઓળખાય છે.

૩૫. જેને આત્માનું કરવું હોય તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે. 'કાર્યો'ની ગણતરી કરવા કરતાં એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું તે ઉત્તમ છે. પ્રવૃત્તિરૂપ 'કાર્યો' તો ભૂમિકાને યોગ્ય થાય છે.


૩૬. જેમ સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગતી નથી, જેમ ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી, તેમ પર પદાર્થોથી સુખી થવાતું નથી.

૩૭. સમ્યગ્દર્શન પ્રગટતાં, જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે તે પર્યાયને વેદતાં ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં—સ્પષ્ટ ખ્યાલમાં આવે છે.

૩૮. જેને સંસારકારાગૃહમાંથી છૂટવું હોય, મુક્તિપુરીમાં જવું હોય, તેણે મોહ–રાગ–દ્વેષરૂપ તાળા ખોલવા માટે જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી.

૩૯. જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું. પણ પોતે પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે જાણનારો છે, જ્ઞાયક છે.

૪૦. જેમ માતાનો છેડો પકડીને ચાલતો બાળક કાંઈ મુશ્કેલી દેખાતાં






વિશેષ જોરથી છેડો પકડી લ્યે છે, તેમ મુનિ પરિષહ-ઉપસર્ગ આવતાં પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે.

૪૧. સાધકને બહારમાં ઉત્સાહનાં કાર્ય—શુભ પરિણામ દેખાય તે જુદા હોય છે અને અંતરમાં આત્મશાંતિનું—આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન જુદું હોય છે.


૪૨. જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા.

૪૩. બધું ભણી ગયો, ઘણાં યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણાં વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું શું ફળ?

૪૪. જ્ઞાયક આત્માની અનુભૂતિ તે જ શિવપુરીની સડક છે. તે જ મોક્ષનો માર્ગ છે. બીજા બધા તે માર્ગને વર્ણવવાના ભિન્ન ભિન્ન પ્રકારો છે. જેટલા વર્ણનના પ્રકારો છે, તેટલા માર્ગો નથી; માર્ગ તો એક જ છે.

૪૫. કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી. એક વાર તું અંદરમાં પ્રવેશ કર, બધું અંદર છે. અંદર ઊંડે પ્રવેશ કરતાં, સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે.

૪૬. ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે. આત્મ-સ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે.





૪૭. આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે. તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે. જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી.

૪૮. જ્ઞાનીએ ચૈતન્યમહેલનાં તાળાં ખોલી નાખ્યાં છે. અંદરમાં જ્ઞાન–આનંદ આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, અને થોડી ભોગવીને તેને પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત થઈ ગઈ છે.

૪૯. એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે. વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય. તે ચૈતન્ય તો તારી પાસે જ છે, તું જ તે છો. તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ ?


૫૦. જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્ગલને પહોંચાડે છે, જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ. તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે. તો પછી તને ડર શાનો ? સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર, ભય છોડી દે.

૫૧. જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી, પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવી સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો.

૫૨. આત્મા આખા વિશ્વનો જ્ઞાતા–દૃષ્ટા અને અનંત શક્તિનો ધરનાર છે. તેનામાં શું ઓછું છે ? બધી ઋદ્ધિ તેનામાં જ છે. તો પછી બહારની ઋદ્ધિનું શું કામ છે ?



૫૩. ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને!—આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે.





૫૪. મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય–નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી.

૫૫. મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી—આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પાછો ફરી, જીવ પોતાની તરફ પાછો વળે ત્યારે.

૫૬. સમ્યગ્દૃષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. જ્ઞાનપરિણતિ દ્રવ્ય તેમ જ પર્યાયને જાણે છે પણ પર્યાય ઉપર જોર નથી.

૫૭. જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે. જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? અમને અહીં ગોઠતું નથી, અહીં અમારું કોઈ નથી.

૫૮. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારા છે.



૫૯. જેમ પૂનમના પૂર્ણ ચંદ્રના યોગે સમુદ્રમાં ભરતી આવે છે, તેમ મુનિરાજને પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી આત્મસમુદ્રમાં ભરતી આવે છે.


૬૦. પૂર્ણ ચૈતન્યચંદ્રને સ્થિરતાપૂર્વક નિહાળતાં અંદરથી ચેતના ઊછળે છે, ચારિત્ર ઊછળે છે, સુખ ઊછળે છે, વીર્ય ઊછળે છે—બધું ઊછળે છે. ધન્ય મુનિદશા !


૬૧. સ્વાનુભૂતિની કળા હાથમાં આવતાં, કઈ રીતે પૂર્ણતા પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે, કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે.

૬૨. અજ્ઞાની જીવ 'આ બધું ક્ષણિક છે, સંસારની ઉપાધિ દુઃખરૂપ છે' એવા ભાવથી વૈરાગ્ય કરે છે, પણ 'મારો આત્મા જ આનંદસ્વરૂપ છે' એવા અનુભવપૂર્વકનો સહજ વૈરાગ્ય તેને નથી તેથી સહજ શાંતિ પરિણમતી નથી.

૬૩. જડ સાથે એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છે. તે એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી. શુભાશુભ ભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી—આ, જ્ઞાની અનુભવી પુરુષોનો નિર્ણય છે. તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. મતિ વ્યવસ્થિત કર્યા વિના ગમે તેવા તર્કો જ ઉઠાવ્યા કરીશ તો પાર નહીં આવે.

૬૪. ચિત્તમાં ભગવાન પ્રત્યે ભક્તિભાવ ઊછળે ત્યારે, મુનિ આદિ સાધકને ભગવાનનું નામ આવતાં રોમેરોમ ખડાં થઈ જાય છે. આવા ભક્તિ આદિના શુભભાવ આવે ત્યારે પણ મુનિરાજને ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ મુખ્ય રહે છે.






૬૫. સાધકના સહેજ નિવૃત્ત પરિણામમાં પણ અપૂર્વ શીતળતા લાગે છે તો જે સર્વ વિભાવપરિણામથી સર્વથા નિવૃત્ત થયા છે એવા સિદ્ધ ભગવાનને પ્રગટેલી શાંતિની તો શી વાત !

૬૬. વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી ગુરુના ઉપદેશને અવગણીને શુદ્ધાત્મરુચિ, કરતો નથી અથવા, 'આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં' એમ પ્રવૃત્તિના રસમાં લીન રહી શુદ્ધાત્મ-પ્રતીતિના ઉદ્યમનો વખત મેળવતો નથી ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે.

૬૭. ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભીંસાતો નથી, કારણ કે તેણે શુદ્ધાત્મનું શરણ પ્રાપ્ત કર્યું છે. વિપત્તિ સમયે તે આત્મામાંથી શાન્તિ મેળવી લે છે. વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે.

૬૮. મરણાદિપ્રસંગે ધર્મી જીવ શાશ્વત એવા નિજસુખસરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે—જ્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી, શાન્તિનો અખૂટ નિધિ છે. તે શાંતિપૂર્વક દેહ છોડે છે. તેનું જીવન સફળ છે.

૬૯. તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત—વિપત્તિ સમયે વિશેષ શરણભૂત થનાર—એવા શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો ઉદ્યમ કર.



# યથાર્થ ભાવના હોય તે ફળ્યે જ છૂટકો

'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના નાઇરોબીમાં થયેલા પ્રવચનમાંથી

**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.**

'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઉગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો.'

આ, બેનનાં વચનામૃતનો ૨૧ મો બોલ છે. જરા વિચાર કરવાનો અવકાશ હોય એને સમજવા માટે આ વાત છે. બાપુ! જેને હજી લૌકિક નીતિનાં ઠેકાણાં ન હોય તેને આ વાત સમજવામાં આવે નહિ. સાંભળવા મળે તોપણ એને રુચે નહિ.

જે જ્ઞાન ને આનંદનો કંદ છે, જેમાં અનંત ગુણ વસેલા છે, એવી જે વસ્તુ-ચીજ છે તેને અહીં 'ચૈતન્ય' કહ્યું છે.

આ આનંદસ્વરૂપ ચૈતન્યભગવાનને ચૈતન્યમાંથી પરિણમેલી—અંતરમાંથી થયેલી—દશા એટલે કે રાગ-દ્વેષરૂપ સંસારના પરિણામમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. સંસારનાં પાપના પરિણામની રુચિ તો ન હોય, પણ પુણ્યના પરિણામની પણ અંદર રુચિ ન હોય. જેને પાપના તીવ્ર પરિણામ છે તેને તો આ વાત સાંભળવી પણ અંદર ન રુચે.

પ્રશ્ન:—છૂટવાનો રસ્તો જોઈએ ને?

ઉત્તર:—આ રસ્તો છૂટવાનો છે. ચૈતન્ય આત્માને આત્મામાંથી પરિણમેલી—રાગ-આદિમાંથી નહિ જન્મેલી—ભાવના એ જ છૂટવાનો રસ્તો છે.

અહા! સહેલા શબ્દોમાં આ, બેનની અનુભવની વાણી છે. તેમને અસંખ્યાત અબજો વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. બેનને અસંખ્ય અબજો વર્ષનું ઘણું સ્પષ્ટ જ્ઞાન છે, કેમ કે પોતે પૂર્વે ત્રીજા સનત્કુમાર સ્વર્ગમાં હતા તે યાદ આવે છે તેમ જ ત્યારપહેલાંના ભાવો પણ યાદ આવે છે. જેમ કાલની વાત યાદ આવે એમ અસંખ્ય અબજો વર્ષની વાત યાદ આવી છે.

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે આત્મામાંથી થયેલી દશા હોય તો તે ફળે જ. આ વાત નવી નથી; જૈન પરમેશ્વર, તીર્થંકર, ત્રિલોકનાથ પરમાત્મા કહી રહ્યા છે તે આ વાત છે. સમજવા માટે એને પોતાને નવી લાગે, પણ સર્વજ્ઞ પરમાત્માની વાણી તો પ્રવાહે અનાદિથી ચાલે છે. અહીં ભરત ને ઐરાવતમાં તીર્થંકરનો વિરહ પડે પણ મહાવિદેહમાં કોઈ દિવસ તીર્થંકરનો વિરહ ન હોય. અહા! તું ત્યાં અનંત વાર જન્મ્યો છે ને સમવસરણમાં પણ ગયો છે, પણ અંતરમાંથી ઘા વાગ્યો નથી. બહારની રુચિ ને પ્રેમમાં ત્યાં ને ત્યાં અટવાણો.

જરી સૂક્ષ્મ વાત છે. બેન બોલી ગયાં છે; ત્યારે બ્રહ્મચારી દીકરીઓ બેઠી હશે. એમણે થોડું લખેલું એટલે આ બહાર આવ્યું; નહિ તો બહાર આવે નહિ. બેનની નીચે ૬૪ બાળબ્રહ્મચારી દીકરીઓ છે. તેમાં કેટલીક ગ્રેજ્યુએટ ને લાખોપતિની દીકરીઓ છે.

બેન તો બહારથી મરી ગયેલાં છે.

એમને તો અતીન્દ્રિય આનંદ એટલો ઊઘડ્યો છે કે જેના રસ આગળ, કોણ સામું જુએ છે ને કોણ પગે લાગે છે તેની કાંઈ દરકાર નથી.

એમનાં રાત્રિનાં વાંચનમાં આ વચનો નીકળી ગયાં છે.

આત્માને આત્મામાંથી પરિણમેલી....ભાવના ફળ્યે જ છૂટકો.

પ્રશ્નઃ—'પરિણમેલી' કેમ લીધું ?

ઉત્તરઃ—એકલી કલ્પના કે જાણપણાની ધારણા કરી રાખી છે એમ નહિ, પણ પોતાને અંદર તે પ્રકારનું પરિણમન થયું છે. આત્મા જ્ઞાનાનંદ છે તેવી દશા થઈ છે, જાણપણું કે ધારણા રાખીને વાત કરી નથી.

'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના'—શબ્દો થોડા છે પણ ભાવ ઘણા ઊંચા છે. ચૈતન્ય કહેવો કોને? પરમાનંદ ને પરમજ્ઞાનની શક્તિના પિંડલાને—સ્વભાવે જે અનાદિ-અનંત છે, અતીન્દ્રિય સચ્ચિદાનંદમય દ્રવ્ય છે એ ત્રિકાળી ચીજને. આવરણ રહિત એવી અંદર જે ચીજ છે એની દૃષ્ટિ થઈને એમાંથી પરિણમેલી દશા એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ભાવના યથાર્થ હોય તો તે ફળ્યે જ છૂટકો. વાત તો આ છે; બાકી બધું ઘણું જોયું. પાલેજમાં પાંચ વર્ષ દુકાન ચલાવી; ત્યાં પણ હું તો શાસ્ત્ર જ વાંચતો. પૂર્વના સંસ્કાર હતા ને!

રાગ-દ્વેષ નહિ, પુણ્ય-પાપ નહિ, જેનાં નૈતિક જીવન ઊંચાં હોય છે તે તરફ પણ લક્ષ નહિ, પણ અંતરમાં જે ચૈતન્યવસ્તુ છે તેની દૃષ્ટિ થતાં તેમાંથી નીકળેલી—પરિણમેલી દશા, ચૈતન્યના દળમાંથી—જેમ કૂવામાંથી અવેડામાં આવે, પ્રાપ્તની પ્રાપ્તિ થાય તેમ—

પરિણમીને પ્રવાહ આવ્યો એવી જે દશા એટલે કે રાગદ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ફળે જ.

પ્રભુ! તારી પ્રભુતાની વાતો ઝીણી છે. ભગવાન પણ તે પૂરણ કહી શકયા નથી.

'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦'

ભગવાન આત્મા અંદર ચૈતન્યનૂરનું પૂર છે. એમાંથી ઊગેલી ભાવના યથાર્થ હોય તે ફળે જ. અહીં 'યથાર્થ' ઉપર વજન છે, કલ્પના કરીને નહિ. જેવી ચીજ છે તેવી ભાવના હોય તો તે ફળ્યે જ છૂટકો. તે ભાવનામાંથી કેવળજ્ઞાન આવ્યે જ છૂટકો. બીજ ઊગી ને પૂનમ ન થાય એમ ત્રણ કાળમાં બને જ નહિ, પૂનમ થાય જ; એમ જેને અંદર આત્મામાં સમ્યક્ત્વરૂપી બીજ ઊગી, અંતરમાં રાગદ્વેષથી રહિત થઈ ચૈતન્યની બીજ ઊગી—પરિણમેલી દશા ઊગી તે બીજ છે—, તે બીજમાંથી પૂર્ણતા થયે જ છૂટકો. સમ્યગ્દર્શનની પરિણતિ થઈ એટલે કેવળજ્ઞાન લીધે જ છૂટકો. બીજ પછી તેર દિવસે પૂનમ થાય તેમ સમ્યગ્દર્શન થતાં એક-બે અથવા તો થોડા ભવમાં કેવળજ્ઞાન આવ્યા વગર રહેતું નથી.

એન વિચારીને અનુભવમાંથી બોલતાં હતાં. એનનાં વચનો છે; અનુભૂતિમાંથી નીકળ્યાં છે; અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઝીણી વાત, બાપુ! બહુ સાદી ભાષા!

ચૈતન્યને ચૈતન્યમાંથી યથાર્થ ભાવના, બાહ્ય કોઈ પણ વર્તન કે વિકલ્પની જ્યાં અપેક્ષા નથી એવી સાચી ભાવના, હોય તો તે ફળે જ છે. 'આ જ કરવાનું છે' એમ જે ચૈતન્યની ભાવના પરિણમી તે પૂરણ ફળ્યે જ છૂટકો. એનું ફળ પૂરણ આવશે જ.

'જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ.'

અહીં એ કહે છે કે—નિત્યાનંદનો નાથ આત્મા અંદર બિરાજે છે; તેની, રાગ-દ્વેષ વિનાની, ભાવના જો ન ફળે તો આત્મદ્રવ્ય જ ન રહે; જો દ્રવ્ય ન રહે તો જગત શૂન્ય થઈ જાય; પણ એમ કદી બનતું જ નથી. 'ભાવના ફળે જ' એમ પહેલાં અસ્તિથી વાત કરી અને 'ન ફળે તો જગતને શૂન્ય થવું પડે અથવા તો આ આત્મદ્રવ્યનો જ નાશ થઈ જાય' એમ અહીં નાસ્તિથી વાત કરે છે.

રાગ-દ્વેષથી રહિત થઈને ચૈતન્યની ભાવના થાય તો કેવળજ્ઞાન થયે જ છૂટકો.

જો એક ભાવનાનું ફળ ન આવે તો દરેક—બધી—ભાવનાનું ફળ ન આવે; એમ થતાં વિકારી ભાવનાનું ફળ એવું આ જગત—ચાર ગતિ ને ૮૪ લાખ યોનિ વગેરે બધું—શૂન્ય થઈ જાય. પાપ-પરિણામનું ફળ નરક-નિગોદ આદિ ન આવે, પુણ્યપરિણામનું ફળ સ્વર્ગ-મનુષ્યપણું ન આવે ને ચૈતન્યમાં એકાગ્રતાના પરિણામનું ફળ કેવળજ્ઞાન ન આવે. એ રીતે સંસાર—મોક્ષનો અભાવ થવાથી જગતને શૂન્ય થવું પડે. પણ એવું ત્રણ કાળમાં બને નહિ.

મનુષ્ય કોને કહીએ? 'मन्यते—मनुते जानाति इति मनुष्यः ।' આત્માનું સ્વરૂપ જાણે તે ખરેખર મનુષ્ય છે. બાકી બધાને પશુ કહીએ. ચૈતન્યસ્વરૂપ આત્માને જાણે, તેનું મનન ને ધ્યાન કરે, તે મનુષ્ય. જેને ચૈતન્યની ભાવના—સમ્યગ્દર્શન નથી તે ચાલતાં મડદાં છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ભાવપ્રાભૃતમાં કહે છે :

જીવમુક્ત શબ કહેવાય, 'ચલ શબ' જાણ દર્શનમુક્તને;
શબ લોક માંહી અપૂજ્ય, ચલ શબ હોય લોકોત્તર વિષે. ૧૪૩.

—જેને આત્માની રુચિ નથી, તેના તરફનું વલણ નથી, તેના તરફનો અંદરમાં પ્રેમ નથી, તે બધાં ચાલતાં મડદાં છે.

જેને આત્માની ભાવના થાય તેને તેનું ફળ—સર્વજ્ઞપણું—જો ન આવે તો જગતને શૂન્ય થવું પડે. ભાવના જો ન ફળે તો પુણ્યનું ફળ જે સ્વર્ગ-મનુષ્ય ને પાપનું ફળ જે નરક-નિગોદ તેનો નાશ થઈ જાય; એમ થતાં જગત શૂન્ય થઈ જાય. પરંતુ એમ કદી બને જ નહિ. તે શબ્દોની અંદર આ અર્થ ભર્યો છે. અહા! બોલ આવ્યો છે ઊંચો. ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે એનો અર્થ આવો છે.

જગત છે, પુણ્ય-પાપના ફળરૂપે સ્વર્ગ-નરક છે ને આત્માની ભાવનાના ફળરૂપે સિદ્ધપદ પણ છે. જો ભાવના ન ફળે તો ભાવનાના ફળરૂપ એ વસ્તુ જ રહેતી નથી.

યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. ભાવના કોઈ નિષ્ફળ હોતી નથી. પાપભાવનાઓ નરકાદિપણે ફળે છે, શુભભાવનાઓ સ્વર્ગાદિપણે ફળે છે અને ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના માર્ગફળપણે—મોક્ષપણે—ફળે છે. જો ભાવનાઓ નિષ્ફળ જાય તો તે ભાવનાના ફળરૂપ સ્વર્ગ, નરક ને મોક્ષ વગેરેનો અભાવ થતાં જગતને—ચૌદ બ્રહ્માંડને—શૂન્યતા આવી પડે. ફળસ્થાનરૂપ ચૌદ બ્રહ્માંડ શૂન્ય થતાં તેના કારણરૂપ ભાવનાઓનો તથા તે ભાવનારૂપ પરિણમતા આ આત્માનો—દ્રવ્યનો—નાશ થઈ જાય; પણ એવું કદી બને જ નહિ.

અંદર ભગવાન આત્મામાં ચૈતન્યનાં જે બીજડાં વાવ્યાં તે ઊગીને કેવળજ્ઞાન ન થાય તો તે આત્મા જ રહી શકે નહિ એટલે કે આ દ્રવ્યનો જ—આત્માનો જ—નાશ

થઈ જાય. જે પર્યાય છે, એનું ફળ ન આવે તો તે પર્યાય જ ન રહે અને જો પર્યાય ન રહે તો જેની એ પર્યાય છે તે દ્રવ્યનો જ અભાવ થઈ જાય--નાશ થઈ જાય.

જેવા પરિણામ કર્યા તેવું ફળ આવ્યા વિના રહે જ નહિ. ચાર ગતિ ને સિદ્ધદશા તે પરિણામનું ફળ છે. જો પરિણામનું ફળ ન આવે તો ચાર ગતિ ને સિદ્ધદશા નહિ રહી શકે. એમ થતાં પર્યાય વિના દ્રવ્યનો નાશ થઈ જાય. દ્રવ્યનો નાશ થતાં જગતનો પણ નાશ થઈ જાય. પરંતુ એમ કદી બને જ નહિ.

અહા! આ વાત પંચમ આરાનાં પ્રાણીઓને કહી છે. વસ્તુ છે તેને કોઈ પાંચમો આરો નડતો નથી, કારણ કે શાસ્ત્રમાં જે કહ્યું છે તે પંચમ આરાના સાધુએ પંચમ આરાના જીવો માટે કહ્યું છે, ચોથા આરાના જીવને કહ્યું નથી.

પહેલાં 'જગતને શૂન્ય થવું પડે' એમ સમુચ્ચયે વાત કરી. હવે કહે છે કે જો ભાવના ન ફળે તો આ દ્રવ્યનો નાશ થઈ જાય, એટલે કે ભાવનાનું ફળ જે દ્રવ્યની પૂરણ અવસ્થા તે જો ન થાય તો તે દ્રવ્ય જ રહી શકે નહિ, તેનો નાશ થાય.

પ્રશ્નઃ--પોતાની ભાવના પોતાને ન ફળે એમાં જગતને શૂન્ય શા માટે થવું પડે?

ઉત્તરઃ--જગત ચૈતન્યના પરિણામ સાથે કુદરતે બંધાયેલું છે, સંકળાયેલું છે. કુદરત એટલે દ્રવ્યનો એવો સ્વભાવ. ચૈતન્ય એ સ્વતંત્ર દ્રવ્ય છે. તેની ભાવના જો નિષ્ફળ હોય તો ભાવનાના ફળભૂત જે આ ઊપજવાનાં સ્થાનરૂપ ચારગતિમય જગત, તે જ સિદ્ધ ન થાય. એમ થતાં ભાવના, ભાવનાનું ફળ ને ભાવના કરનાર દ્રવ્ય--કાંઈ પણ રહે નહિ, બધું નાશ થઈ જાય. પણ એમ કદી બને નહિ.

બેન રાત્રે થોડું બોલ્યાં હશે. બેનો-દીકરીઓએ તે લખી લીધું હશે. અહા! આત્માના સમ્યગ્દર્શન ને અનુભૂતિમાંથી આ વાણી આવી છે; અનુભૂતિમાંથી આ લખાયું છે.

અહા! જોર અંદર અપ્રતિહત ભાવનાનું છે. જો ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના થઈ તો આત્મા પૂરણ થયે જ છૂટકો. તેમાં કોઈ વિઘ્ન-બિઘ્ન આવશે નહિ. આ તો અંદરના જોરની વાત છે. અહા! બધા આત્મા એક સમયની વર્તમાન પર્યાય સિવાય અંદર ભગવાનસ્વરૂપ જ છે. નિગોદથી માંડી સિદ્ધ સુધી દ્રવ્ય જે છે તે તો ત્રિકાળ નિરાવરણ આનંદકંદ છે, અવિનાશી છે. આવી ચીજની અંતરમાં દૃષ્ટિ થઈ, આવી ચીજની અંતર ભાવના થઈ અને તે ચીજ—આત્મા—પ્રાપ્ત ન થાય એવું ત્રણ કાળમાં બને નહિ.

**પ્રશ્નઃ**—પ્રાપ્ત થતો નથી તેનું શું કારણ?

ઉત્તરઃ—આત્માને પકડવા માટે જેટલો જોઈએ એટલા પુરુષાર્થનો અભાવ છે. માટે પ્રાપ્ત થતો નથી. અહા! ભગવાન આત્મા—સચ્ચિદાનંદ પ્રભુ—એ તો અનંત

ગુણનો દરિયો છે, અનંત ગુણનો સાગર છે. તે ચીજ પકડવામાં આવે, સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, ભાવના થાય, ને કેવળજ્ઞાન ન થાય અને દ્રવ્ય પૂર્ણ પર્યાયપણે ન પરિણમે એ ત્રણ કાળમાં બને નહિ.

સમયસારની ૩૮ મી ગાથાની ટીકામાં કહ્યું છે: અપ્રતિબુદ્ધ જ્યારે સમકિત પામ્યો ત્યારે તે કહે છે કે—મારું સમકિત નહિ પડે. સાધકભાવ છે તો આત્માનો સાધ્યભાવ પ્રગટ થશે જ.—એવો જ ભાવ લીધો છે; પડી જાય એની વાત ત્યાં લીધી જ નથી.

'ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે.'

પાપ કર્યાં હોય તો નરક-નિગોદ, પુણ્ય કર્યાં હોય તો સ્વર્ગ-આદિ ને ચૈતન્યના પરિણામ કર્યા હોય તો મુક્તિ;—કુદરતમાં એનું ફળ આવ્યા વગર રહે જ નહિ. બીજ ઊગી તે પૂનમ થયા વિના રહે જ નહિ; તેમ જેને ચૈતન્યની ભાવના પ્રગટી તેને મોક્ષ થયા વિના રહે જ નહિ. આ બેનના શબ્દો છે.

જેવા પુણ્ય, પાપ ને ધર્મના પરિણામ કરે તેના પ્રમાણમાં એનું ફળ જગતમાં આવે—એમ આત્માના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—ચૌદ બ્રહ્માંડ સંકળાયેલું છે. માંસ વગેરે ખાવાના પાપપરિણામ કરે ને નરકમાં ન જાય તો નરક જ રહી શકે નહિ, પુણ્યના પરિણામ કર્યા ને સ્વર્ગ ન મળે તો સ્વર્ગ જ રહી શકે નહિ અને આત્માના શુદ્ધ પરિણામ કર્યા ને મુક્તિ ન મળે તો તે સિદ્ધગતિ રહી શકે નહિ—એ રીતે જગતને શૂન્ય થવું પડે. પરંતુ એમ બને જ નહિ. આત્માના પરિણામ સાથે કુદરતનો મેળ છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે.

'આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'

પરિણામનું ફળ ન આવે તો અનંતા તીર્થંકરોએ કહેલી વાત ખોટી પડે. પાપના પરિણામ કરે તો નરક-નિગોદ મળે, પુણ્યના પરિણામ કરે તો સ્વર્ગ-મનુષ્યપણું મળે —પછી ભલે રખડે ચાર ગતિમાં—અને આત્માના શુદ્ધ પરિણામ કરે તો મુક્તિ મળે; —એ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.

બેન તો તીર્થંકર પાસે હતા. મહાવિદેહમાં (સીમંધર) ભગવાન બિરાજે છે એમની પાસે હતા. ત્યાં (પુરુષ-મિત્રપણે) અમારી સાથે હતા. અમે ક્યાંથી આવ્યા ને ક્યાં જવાના તે અંદરથી નક્કી થઈ ગયું છે. મહાવિદેહમાંથી આવ્યા છીએ. ત્યાં સીમંધરપ્રભુ સમવસરણમાં બિરાજે છે. ત્યાં હું રાજકુમાર તરીકે હતો. હાથી, ઘોડા ને અબજોની પેદાશ હતી. વિક્રમ સંવત ૪૯ માં શ્રી કુંદકુંદાચાર્યદેવ અહીંથી મહાવિદેહમાં ગયા હતા ત્યારે હું પણ હાથીના હોદ્દે દર્શન કરવા ગયેલો. ઝીણી વાત છે.

[ અનુસંધાન પાનું ૨૬ ]

# વિષયજન્ય સુખનું ખંડન !

જિનેન્દ્રદેવે જે એકાન્ત તથા શાન્તરૂપ સુખનું વર્ણન કર્યું છે તે જોઈને એવું લાગે છે કે જાણે બધા સુખો અહમિન્દ્રમાં જઈને જ ભેગા થયા છે. વજ્રનાભિના (ભવિષ્યમાં થનાર તીર્થંકર વૃષભનાથનો જીવ) બીજા વિજય, વૈજયન્ત, અપરાજિત, બાહુ, સુબાહુ, પીઠ તથા મહાપીઠ નામના આઠે ભાઈ તથા વિશાળ બુદ્ધિના ધારક ધનદેવ આ નવ જીવ પણ પોતાના પુણ્યના પ્રભાવથી સર્વાર્થસિદ્ધિમાં વજ્રનાભિ સમાન અહમિન્દ્ર થયા. આ પ્રમાણે તે સર્વાર્થસિદ્ધિમાં તે અહમિન્દ્ર મોક્ષતુલ્ય સુખનો અનુભવ કરતા થકા ઘણા કાળ (ચિરકાળ) સુધી સુખેથી રહેતા હતા. તે અહમિન્દ્રોના શુભ કર્મોના ઉદયથી જે બાધા રહિત સુખ મળે છે તે મૈથુન સહિતના સુખથી અનન્તગુણા હોય છે. જ્યારે સંસારમાં સ્ત્રીસમાગમથી જીવોને સુખની પ્રાપ્તિ થાય છે તો તે અહમિન્દ્રોને સ્ત્રી-સમાગમ વગર કેવી રીતે સુખ મળે છે? જો આ રીતે કોઈ પ્રશ્ન કરે તો આનું સમાધાન આ રીતે છે.

જિનેન્દ્રદેવે તો આકુળતા રહિત વૃત્તિને સુખ કહ્યું છે એટલે તે સુખ આવા સરાગી જીવોને કેવી રીતે મળે કેમ કે જેનું ચિત્ત ઘણાં પ્રકારની આકુળતાઓથી-વ્યાકુળ થઈ રહ્યું છે. જેમ મનમાં મોહ ઉત્પન્ન કરવાથી, શરીરમાં શિથિલતા લાવવાથી, તૃષ્ણા વધવાથી તથા સંતાપ હોવાથી સુખ નથી મળતું એવી રીતે ચિત્તમાં મોહ, શરીરમાં શિથિલતા, લાલસા, સન્તાપ વધવાનું કારણ હોવાથી સ્ત્રી-સંભોગ પણ સુખરૂપ નથી થઈ શકતું. જેવી રીતે કોઈ રોગી પુરુષ કડવી દવાનું સેવન કરે છે તેવી રીતે વિષય-વાસનાથી સંતપ્ત પ્રાણી એને દૂર કરવા માટે સ્ત્રીરૂપી ઔષધનું સેવન કરે છે. જ્યારે મનોહર વિષયોનું સેવન કેવળ તૃષ્ણા માટે છે, નહિ કે સન્તોષ માટે, ત્યારે તૃષ્ણારૂપી અગ્નિથી દાઝેલો આ જીવ સુખી કેવી રીતે થઈ શકે છે!

જેવી રીતે કોઈ ઔષધી રોગને દૂર ન કરી શકે તે ઔષધી નથી. જે પાણી-તરસ ન મિટાડી શકે તે પાણી નથી તથા જે ધન આપત્તિ-દુઃખને નષ્ટ ન કરી શકે તે ધન નથી. એવી રીતે જે વિષયોનું સુખ તૃષ્ણાને નષ્ટ ન કરી શકે તે વિષયોથી પેદા થયેલું સુખ, સુખ નથી. સ્ત્રી-સંભોગથી પેદા થયેલું સુખ કેવળ કામેચ્છારૂપી રોગોનો પ્રતિકાર છે. એને દૂર કરવાનું સાધનમાત્ર છે. શું એવી વ્યક્તિ ઔષધિ-દવાનું સેવન કરે છે જે રોગરહિત છે તથા જેનું આરોગ્ય સારૂં છે?

જેવી રીતે રોગરહિત મનુષ્ય ઔષધિ ન લેવા છતાં સુખી છે, એવી રીતે કામેચ્છા

રહિત સંતોષી અહમિંદ્ર સ્ત્રી–સંભોગ ન કરતો થકો પણ સુખી છે. વિષયોમાં રાગ કરવાવાળા જીવોને જે સુખ પ્રાપ્ત થાય છે તે તેમની નિરોગીતા નથી કહેવાતી, કેમ કે તે વિષય ભોગવતાં પહેલાં ભોગવતાં સમય તથા ભોગવ્યા બાદ ખાલી સંતોષને જ પામે છે. વિદ્વાન પુરુષ તે સુખને જ ઇચ્છે છે જે વિષયોથી મનની નિવૃત્તિ થઈ જાય છે. મન સંતોષિત થઈ જાય છે. પરંતુ આવું સુખ તે વિષ્યાન્ધ પુરુષોને ક્યાંથી મળે શકે, જેનું ચિત્ત–મન હમેંશા વિષય મેળવવા માટે ખેદ–ખિન્ન રહ્યા કરે છે. વિષયોનો અનુભવ કરવાથી પ્રાણીઓને જે સુખ મળે છે તે પરાધીન છે, વિઘ્ન સહિત છે બાધા સહિત છે, તથા કર્મબંધનું કારણ છે એટલે આ સુખ નથી પણ દુઃખ જ છે. આ વિષય વિષ સમાન ભયંકર છે જે સેવન કરતી વખતે જ સારા દેખાય છે. હકીકતમાં ખંજવાળ કરતી વખતે જે સુખ થાય છે એના જેવું છે. જેવી રીતે ખુજલી ખંજવાળતા સમયે તો સુખ લાગે છે પણ પછી બળતરા થતા દુઃખ થાય છે. એવી રીતે આ વિષયોના સેવન કરવાથી સુખ લાગે છે. પરંતુ ત્યાર પછી તૃષ્ણાની વૃદ્ધિ થવાથી દુઃખ થાય છે.

જેવી રીતે દાઝેલા ઘાવ પર ચંદનનો લેપ થોડીવાર તો આરામ આપે છે, વેદના ઓછી થાય છે, એવી રીતે વિષય સેવન કરવાથી જે સુખ મળે છે તે સમય માટે થોડો સંતોષ થાય છે. જ્યાં સુધી ગુંમડાની અંદર વિકાર હોય છે ત્યાં સુધી ચંદન આદિનો લેપ લગાવાથી કાયમ માટે આરામ નથી મળતો, એવી રીતે જ્યાં સુધી મનમાં વિષયોની ઇચ્છા વિદ્યમાન રહે છે ત્યાં સુધી વિષય–સેવન કરવાથી સ્થાયી સુખ નથી મળતું. સ્થાયી સુખ તથા આરામ તો ત્યારે મળે છે જ્યારે ગુંમડાની અંદરથી વિકાર તથા મનની અંદરથી વિષયોની ઇચ્છા નીકળી જાય–સમાપ્ત થઈ જાય. અહમિન્દ્રોને મનથી વિષયોની ચાહ નીકળી જાય છે એટલે તે સાચા સુખી હોય છે.

જેવી રીતે વિકાર સહિત ઘાવને ક્ષારયુક્ત શસ્ત્રથી ચીરવા આદિના પ્રયોગ કરાય છે એવી રીતે વિષયોની ચાહરૂપ રોગના પેદા થવાથી એને દૂર કરવા માટે વિષય સેવન કરાય છે. એટલે આ રીતે જીવોનું આ વિષય સેવન ખાલી રોગોનો પ્રતિકાર છે. જો આ સંસારમાં પ્રિય સ્ત્રીઓના સ્તન, યોનિ આદિ અંગના સંસર્ગથી જીવોને સુખ થતું હોય તો તે જ સુખ પક્ષી, હરણ આદિ તિર્યંચોને પણ થવું જોઈએ. જો સ્ત્રી સેવન કરવાવાળા જીવોને સુખ થતું હોય તો કારતક મહિનામાં જેની યોનિ અતિશય દુર્ગંધ યુક્ત ગુંમડા સમાન હોય છે એવી કુતરીને સ્વચ્છન્દતાપૂર્વક સેવન કરનાર કુતરાને પણ સુખ થવું જોઈએ.

જેવી રીતે લીંબડાના ઝાડમાં પેદા થયેલા કીડાને એના જ કડવા રસને પીતા મીઠાસનો અનુભવ કરે છે, એવી રીતે સંસારરૂપી વિષ્ટામાં પેદા થયેલો મનુષ્યરૂપી કીડો સ્ત્રી-સંભોગથી પેદા થયેલું દુઃખને જ સુખ માનતો થકો એની પ્રશંસા કરે છે અને એમાં જ પ્રીતિ માને છે. જેવી રીતે લીંબડાનો કીડો લીંબડાના કડવા રસને આનન્દદાયી

માનીને એમાં જ તલ્લીન રહે છે અથવા જેવી રીતે વિષ્ટાનો કીડો એના દુર્ગન્ધયુક્ત રસને ઉત્તમ સમજીને એમાં જ રહેતો થકો આનંદ માને છે. એવી રીતે આ સંસારી જીવ સંભોગજનિત દુઃખને સુખ માનીને એમાં જ તલ્લીન રહે છે. વિષયોના સેવન કરવાથી પ્રાણીઓને કેવળ રાગ જ થાય છે. જો તે રાગને જ સુખ માનવામાં આવે તો વિષ્ટા આદિ અપવિત્ર વસ્તુઓના ખાવામાં પણ સુખ માનવું જોઈએ, કેમ કે વિષયી મનુષ્ય જેવી રીતે પ્રસન્નતાથી વિષયોનો ઉપભોગ કરે છે એવી રીતે કૂતરા તથા ભૂંડનો સમૂહ પણ પ્રસન્નતાથી વિષ્ટા આદિ અપવિત્ર વસ્તુઓ ખાય છે. અર્થાત્ જેવી રીતે વિષ્ટાના કીડાને વિષ્ટાના રસનું પાન કરવામાં જ ઉત્કૃષ્ટ સુખ ભાસે છે એવી રીતે વિષય સેવનની ઇચ્છા કરવાવાળા જીવ પણ નિંદ્ય વિષયોનું સેવન કરવાથી ઉત્કૃષ્ટ સુખ માને છે. જે પુરુષ–સ્ત્રી આદિ વિષયોનું સેવન કરે છે એનું આખું શરીર કાંપવા લાગે છે, શ્વાસ તીવ્ર થઈ જાય છે તથા આખું શરીર પરસેવાથી તર થઈ જાય છે. જો સંસારમાં આવો જીવ સુખી ગણાય તો દુઃખી કોને કહેવો?

જેવી રીતે દાંતોથી હાડકું ચાવતાં કુતરો પોતાને સુખી માને છે એવી રીતે જેનો આત્મા વિષયોથી મોહિત હોય છે એવો મૂર્ખ પ્રાણી વિષય સેવનથી પેદા થયેલા પરિશ્રમને જ સુખ માને છે. જેવી રીતે સૂકાયેલું હાડકું ચાવવાથી કુતરાને કોઈ પણ રસની પ્રાપ્તિ નથી થતી, તે વ્યર્થ પોતાનો સુખી માને છે. એવી રીતે વિષય સેવન કરવાથી જીવને કોઈ પણ યથાર્થ સુખની પ્રાપ્તિ નથી થતી, તે વ્યર્થ પોતાને સુખી માને છે. જીવની આ ઊંધી માન્યતાના કારણે વિષયોથી આત્મા મોહિત થઈ જાય છે. એટલે કર્મોના ક્ષયથી અથવા ઉપશમથી જે સ્વાભાવિક આનંદ ઉત્પન્ન થાય છે તે જ સાચું સુખ છે. તે સુખ બીજી વસ્તુઓના આધારથી કયારેય પેદા નથી થતું. કોઈ કહેશે કે સ્વર્ગોમાં રહેવાવાળા દેવોને પરિવાર તથા ઋદ્ધિ આદિ સામગ્રીથી સુખ થાય છે પરન્તુ અહમિન્દ્રોને ત્યાં આવી કોઈ સામગ્રી ન હોવાથી એના અભાવથી એને સુખ કયાંથી પ્રાપ્ત થઈ શકે? તો આ પ્રશ્નના સમાધાનમાં અમે એ પ્રશ્ન ઉપસ્થિત કરીએ છીએ તે આ છે:—

જેઓની પાસે પરિવાર આદિ સામગ્રી વિદ્યમાન છે તેઓને તે સામગ્રીની સત્તા-માત્રથી સુખ મળે છે? અથવા એના ઉપભોગ કરવાથી? જો સામગ્રીની સત્તામાત્રથી તેમને સુખ માનવું ઇષ્ટ લાગે છે તો તે રાજાઓને પણ સુખ થવું જોઈએ જેને જવર આવ્યો છે તથા જેની પાસે અંતઃપુરની સ્ત્રિઓ, ધન, ઋદ્ધિ તથા પ્રતાપી પરિવાર આદિ સામગ્રી એના સમીપ છે. અર્થાત્ એમ કહો કે સામગ્રીના ઉપભોગથી સુખ મળે છે. તો એનો ઉત્તર આ છે કે પરિવાર આદિ સામગ્રીનો ઉપભોગ કરવાવાળો તથા એની સેવા કરવાવાળો પુરુષ અત્યન્ત શ્રમ તથા દુઃખને વેઠે છે તો આવો પુરુષ સુખી કયાંથી હોય?

જુઓ, આ વિષય સ્વપ્નમાં પ્રાપ્ત થયેલા ભોગ સમાન અસ્થાયી તથા દગા દેવાવાળા છે એટલે સદા આર્ત્તધ્યાનરૂપ રહેવાવાળા પુરુષને તે વિષયોથી સુખ ક્યાંથી મળે? પહેલાં તો વિષય-સામગ્રી ઇચ્છાનુસાર બધાને પ્રાપ્ત નથી થતી એટલે એને મેળવવા માટે નિરન્તર આર્ત્તધ્યાન કરવું પડે છે. તથા બીજું પ્રાપ્ત થઈને પણ સ્વપ્નમાં જોયેલા ભોગ સમાન શીઘ્ર નષ્ટ થઈ જાય છે. એટલે હમેશા ઇષ્ટના વિયોગે આર્ત્તધ્યાન થતું રહે છે. આ રીતે વિચાર કરવાથી ખ્યાલ આવે છે કે વિષય સામગ્રી સુખનું કારણ નથી. પહેલાં તો આ જીવ વિષય સામગ્રી ભેગી કરવામાં જ બહુ ભારે દુઃખમાં પડે છે એની આકુળતા-વ્યાકુળતા બહુ થાય છે તથા ભેગું કર્યા બાદ એની રક્ષા કરવા-સાચવવા માટે ખૂબ દુઃખી થાય છે, ત્યારબાદ વિષયોનો નાશ થઈ જવાથી અપાર દુઃખ થાય છે. કેમ કે પહેલાં ભોગવેલા વિષયોને વારંવાર યાદ કરીને આ જીવ દુઃખી થાય છે. જે વિષયોના સેવનથી સંસારનું દુઃખ નાશ નથી થતું, જે વિનાશશીલ છે, તથા જેનું સેવન કરવાથી જીવોનું દુઃખ દૂર નથી થતું એવા વિષયોને ધિક્કાર છે. જેવી રીતે લાકડાથી અગ્નિની તૃષ્ણા નથી પૂરી થતી તથા નદીઓના પૂરના પૂર આવે તોપણ સમુદ્રની તૃષ્ણા નથી દૂર થતી એવી રીતે ભોગવેલા વિષયોથી જીવની તૃષ્ણા ક્યારે પણ પૂરી નથી થતી. જેવી રીતે મનુષ્ય ખારું પાણી પીને વધારે તરસ્યો થાય છે એવી રીતે આ જીવ વિષયોના સંભોગથી વધારે ને વધારે ઇચ્છાને પ્રાપ્ત થાય છે. અહા! જેનો આત્મા પંચેન્દ્રિયના વિષયોને આધીન છે, જે વિષયરૂપી માંસની તીવ્ર લાલસા-ઇચ્છા રાખે છે તથા જે અતિશય દુઃખને પ્રાપ્ત થાય છે એવા વિષયી જીવો બહુ ભારે દુઃખી છે.

વનમાં મોટા મોટા જંગલી હાથી જે પોતાના ટોળાના અધિપતિ હોય છે તથા અત્યન્ત મદોન્મત હોય છે પરંતુ હાથિનીના સ્પર્શથી મોહિત થઈને ખાડામાં પડીને દુઃખી થાય છે. જેનું જળ સુન્દર કમળોથી સ્વાદિષ્ટ હોય છે એવા તળાવમાં પોતાની ઇચ્છાનુસાર વિહાર કરવાવાળી માછલી જાળમાં લાગેલા માંસની ઇચ્છાથી પોતાના પ્રાણ ખોઈ નાખે છે—જાળમાં ફસાઈને મરી જાય છે. મદોન્મત હાથીઓના મદની વાસ ગ્રહણ કરવાવાળો ભમરો ગુંજારવ કરતો થકો હાથીઓના કાનરૂપી વીંજણાના પ્રહારથી મૃત્યુને ભેટે છે. પતંગીયું દીપકની જ્યોતમાં જ બળીને મરે છે. એવી રીતે જે હરણ જંગલમાં પોતાની ઇચ્છાનુસાર જ્યાં-ત્યાં ઘૂમે છે તથા કોમળ, સ્વાદિષ્ટ તણખલાના અંકુર ખાઈને પુષ્ટ રહે છે તે પણ શિકારીના ગીતોમાં ગાનમાં મોહિત થઈને મૃત્યુને ભેટે છે.

એવી રીતે સેવન કરેલા એક એક ઇન્દ્રિયોના વિષય અનેક દુઃખોથી ભરેલાં છે તો પછી એકી સાથે સેવન કરેલી પાંચો ઇન્દ્રિયોના વિષયોનું તો શું કહેવું? જેવી રીતે નદીઓના પ્રવાહથી ખેંચેલા પદાર્થ કોઈ ઊંડા ખાડામાં પડીને એના ભંવરમાં જ ફર્યા કરે છે એવી રીતે ઇન્દ્રિયોના વિષયથી ખેંચાઈને આવેલો આ જીવ નરકરૂપી

ઊંડા ખાડામાં પડીને દુઃખરૂપી ભંવરોમાં ફર્યા કરે છે. વિષયોથી ઠગાયેલો આ મૂર્ખ જીવ પહેલાં તો અધિક ધનની ઇચ્છા કરે છે તથા એ ધનની પ્રાપ્તિ માટે દુઃખી થઈને અનેક ક્લેશોને પ્રાપ્ત થાય છે. તે સમયે વ્યાકુળ થઈને ખૂબ દુઃખી થાય છે. જો મનગમતી વસ્તુની પ્રાપ્તિ ન થઈ તો ખૂબ શોક કરે છે. અને જો મનગમતી વસ્તુ મળી પણ ગઈ તો એટલાથી સંતોષ નથી થતો એટલે તેને જ મેળવવા વારંવાર દુઃખી થાય છે. એવી રીતે આ જીવ રાગ-દ્વેષથી પોતાના આત્માને દુષતિ કરી કર્મોનો બંધ બાંધે છે જે ખૂબ જ મુશ્કેલીથી છૂટે છે તથા તે કર્મબન્ધના કારણે આ જીવ પરલોકમાં અત્યન્ત દુઃખી થાય છે. કર્મબન્ધના કારણે આ જીવ નરકાદિ દુર્ગતિઓમાં દુઃખમય સ્થિતિને પ્રાપ્ત થાય છે. તથા ત્યાં ચિરકાળ સુધી અતિશય નિંદનીય દુઃખો ભોગવે છે. ત્યાં પણ જીવ દુઃખી થઈને વિષયોની ઇચ્છા રાખે છે, એના માટે દુષ્કર્મ કરે છે, ખોટા કર્મોના બંધ કરે છે તથા એના ઉદયથી દુઃખ ભોગવે છે, એવી રીતે ૮૪ ના ચક્કરમાં પરિભ્રમણ કરતો થકો અત્યંત દુઃખી થઈને તરવા યોગ્ય સંસારરૂપી અપાર સાગરમાં પાછો પડે છે. આ રીતે સમસ્ત અનર્થ પરંપરાએ વિષયોથી પેદા થયેલા માની તીવ્ર દુઃખ દેવાવાળા વિષયોમાં પ્રીતિનો પરિત્યાગ કરી દેવો જોઈએ. જોકે પુરુષવેદ, સ્ત્રીવેદ તથા નપુંસકવેદ ત્રણે વેદોનું દુઃખ ક્રમથી સૂકા છાણાની અગ્નિ, ઇંટ તપાવેલી અગ્નિ તથા તૃણની અગ્નિ સમાન ગણાય છે. તો તે વેદોને ધારણ કરવાવાળો જીવ સુખી કેમ હોઈ શકે? હે શ્રેણિક! તું નિશ્ચય કર કે અહમિન્દ્ર દેવોનાં પ્રવિચાર રહિત જે દિવ્ય સુખ છે તે વિષયજન્ય સુખથી ક્યાંય અધિક છે.

ઉપર્યુક્ત કથનથી સિદ્ધોના સુખનું પણ વર્ણન આવી જાય છે, જે વિષયોથી રહિત છે, પ્રમાણરહિત છે, અન્તરહિત છે, ઉપમારહિત છે, તથા જે આત્માથી જ પેદા થાય છે, સ્વર્ગલોક-મનુષ્યલોક સમ્બન્ધી ત્રણે કાળનું ભેગું કરેલું જે સુખ છે, તે સિદ્ધ પરમેષ્ઠીના એક ક્ષણના સુખ જેટલું પણ નથી. સિદ્ધોનું સુખ પોતાના આત્માથી જ પેદા થાય છે, બાધા રહિત છે, તથા કર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે, પરમ આનંદરૂપ છે, અનુપમ છે તથા સૌથી શ્રેષ્ઠ છે. સિદ્ધ પરમેષ્ઠી સર્વ પરિગ્રહોથી રહિત છે, શાંત છે, ઇચ્છાઓ રહિત છે. જ્યારે તે સુખી જણાય છે તો અહમિન્દ્રના પદમાં તો સુખ એની રીતે સિદ્ધ થઈ જાય છે. ભાવાર્થ કે જેમની પાસે પરિગ્રહનો એક અંશ માત્ર પણ નથી એવા સિદ્ધ ભગવાન જ્યારે સુખી ગણાય છે અલ્પ પરિગ્રહ જેની પાસે છે એવા અહમિન્દ્ર અપેક્ષાકૃત સુખી કેમ ન ગણાય? જેના પુણ્યના ફળ પ્રગટ થયા છે એવા સ્વર્ગલોકથી આગળ સર્વાર્થસિદ્ધિમાં રહેવાવાળા વજ્રનાભિ આદિ અહમિન્દ્રોને જે સુખ પ્રાપ્ત થયું છે તે એવું જણાય છે માનો મોક્ષનું સુખ એની સન્મુખ આવ્યું હોય, કેમકે જેવી રીતે મોક્ષનું સુખ ઉદાર, પ્રવિચાર રહિત, દિવ્ય તથા સ્વભાવથી મનોહર હોય છે,—તેવી રીતે અહમિન્દ્રોનું સુખ પણ ઉદાર, પ્રવિચાર રહિત, દિવ્ય

તથા સ્વભાવથી મનોહર છે. મોક્ષનું સુખ તથા અહમિન્દ્રના સુખમાં બહુ મોટું અંતર હોય છે તોપણ અહીં શ્રેષ્ઠતા દેખાડવા માટે અહમિન્દ્રોના સુખમાં મોક્ષના સુખની સાદૃશ્યતા બતાવી છે.

આ સંસારમાં જીવોને જે સુખ-દુઃખ થાય છે તે બન્ને પોત-પોતાના કર્મબંધ અનુસાર થયા કરે છે. આમ શ્રી અરિહંતદેવે કહ્યું છે તે કર્મ પુણ્ય તથા પાપના ભેદથી બે પ્રકારનું કહ્યું છે જેવી રીતે એક પ્રકારના ભોજનનો મધુર તથા કડવો બે પ્રકારનો વિપાક થાય છે એવી રીતે પુણ્ય-પાપરૂપી કર્મોનો પણ મધુર-સુખદાયી તથા કટુક-દુઃખદાયી વિપાક-ફળ મળે છે. પુણ્યકર્મોનું ઉત્કૃષ્ટ ફળ સર્વાર્થસિદ્ધિમાં તથા પાપકર્મોનું ફળ સાતમી નરકમાં મળે છે. પુણ્યનું ઉત્કૃષ્ટ ફળ પરિણામોને શાંત રાખવાથી, ઇન્દ્રિયોને વશમાં રાખવાથી તથા નિર્દોષ ચારિત્ર પાલન કરતા પુણ્યાત્મા જીવોને પ્રાપ્ત થાય છે. તથા પાપનું ઉત્કૃષ્ટ ફળ પરિણામોને શાંત નહિ રાખવાથી, ઇન્દ્રિયોનું દમન નહીં કરવાથી તથા નિર્દોષ ચારિત્ર પાલન નહિ કરવાથી પાપી જીવોને મળે છે.

( જિનસેનાચાર્ય, આદિપુરાણ, ભા. ૧ )

[ યથાર્થ ભાવના હોય તે ફળે જ છૂટકો ........પાનું ૨૦ થી ચાલુ ]

બેન ત્યાં શેઠના દીકરા હતા. ત્યાંથી અમે આવ્યા છીએ. અમારી વાતો ઝીણી છે; અમારા મોઢે અમારી વાત કહેવી શોભે નહિ. અહીંથી સ્વર્ગમાં જવાના છીએ--અહીંથી દેવ થવાના છીએ. (ત્યાર પછી) બીજા ભવમાં તીર્થંકરના પુત્ર તરીકેનો (મારો) અવતાર છે. ત્રીજા ભવમાં (અહમિન્દ્રનું) સ્વર્ગ છે. ચોથા ભવમાં (ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં) તીર્થંકર થઈને મોક્ષ જવાનો છું.

આવું વ્યાખ્યાન કોઈ વાર આવ્યું નથી. આ તો બેન આમાં બોલ્યાં છે તેથી થોડું કહીએ છીએ. એથી ઝીણી વાતો આઘી છે. તે અમને પ્રત્યક્ષ થઈ ગયેલું છે.

અહીં કહે છે કે--ચૈતન્યના પરિણામમાં ચૈતન્યની પરિપૂર્ણતા આવે એમ અનંતા તીર્થંકરોએ કહ્યું છે. ભગવાન ચૈતન્યસ્વરૂપનો પુણ્ય ને પાપના વિકલ્પોથી રહિત અંતરમાં અનુભવ હોય, દૃષ્ટિ હોય, ભાવના હોય, નિર્વિકલ્પ નિર્મળ દશા હોય, અને પરમાત્મપદ --સાધ્ય--પ્રાપ્ત ન થાય એવું ત્રણ કાળમાં બને નહિ આ, અનંતા તીર્થંકરોએ કહેલું પરમ સત્ય છે.

# पूज्य बहिनश्री चंपाबेनके साथ धार्मिक वार्तालाप

'तीर्थंकर' मासिक पत्रिकाके सम्पादक डॉ. श्री नेमीचन्दजी जैन, इन्दौर दिनांक १०-५-८२ के दिन सोनगढ पधारे थे। उस दिन प्रशममूर्ति पूज्य बहिनश्री चंपाबेनके साथ उनके घर पर हुई संक्षिप्त बातचीत मुमुक्षुओंकी जानकारी हेतु यहाँ दी जाती है।

**डॉ. नेमीचन्दजी :** कानजीस्वामीकी अनुपस्थितिमें आप कैसा अनुभव करती हैं? उनके न होनेके कारण इस स्थानको क्या नुकसान हुआ?

**पूज्य बहिनश्री :** गुरुदेव तो गुरुदेव ही थे। वे तो अपूर्व ज्ञानी पुरुष थे, सातिशय विभूति थे। भरतक्षेत्रमें गुरुदेव जब मौजूद थे तब तो सभीको उनकी वाणी सुनने मिलती थी। उनकी वाणीके पीछे आत्माका स्वरूप देखनेमें आता था। वाणीके द्वारा सब लोगोंको आत्माका स्वरूप बताया। भारतके सब जीवोंको जागृत किया। गुरुदेवने बरसों तक वाणी बरसाई। ऐसी वाणी और ऐसे महापुरुष नहीं होनेसे, उनकी अनुपस्थितिसे—गुरुदेव नहीं होनेसे, इसका बहुत दुःख लगता है। शब्दोंमें क्या कहें, हृदयमें बहुत दुःख लगता है। गुरुदेवके बिना सब सूना लगता है। क्या करें? गुरुदेव जो द्रव्यदृष्टिका यथार्थ मार्ग बताते थे उस पर चल रहे हैं।

**डॉ. नेमीचन्दजी :** उनकी आवाज तो आप सुन सकती हैं, (टेइप) प्रवचन तो होते हैं।

**पूज्य बहिनश्री :** आवाज सुन सकते हैं तो उससे क्या? साक्षात् वाणी तो कोई अपूर्व होती है!

**डॉ. नेमीचन्दजी :** देह तो छूटनेवाली है, छूटती ही है।

**पूज्य बहिनश्री :** छूटती तो है सबको, किन्तु गुरुदेव जैसे गुरुदेव जानेसे मनमें तो बहुत लगता है। गुरुदेव जैसे महापुरुष तो जगतमें सदा विद्यमान रहें ऐसी भावना रहती है।

**डॉ. नेमीचन्दजी :** क्या आप उनकी पूर्ति नहीं कर सकती?

**पूज्य बहिनश्री :** उनकी पूर्ति नहीं हो सकती। वे तो महापुरुष थे—जगतमें अद्वितीय। उनकी पूर्ति मैं कैसे कर सकूँ?

**डॉ. नेमीचन्दजी :** बात तो सच्ची है। भारतीय संस्कृतिको भी श्री कानजीस्वामीकी बहुत बड़ी दैन है।

**पूज्य बहिनश्री :** उनकी वाणी सातिशय थी। उनका ज्ञान भी सातिशय था—अतिशययुक्त था। वे मार्ग बताते थे कि—चैतन्य भिन्न है, शरीर भिन्न है; विभावपर्याय भी आत्माका स्वभाव नहीं है। इसका भेदज्ञान करो, द्रव्यदृष्टि करो; द्रव्य पर दृष्टि करनेसे निर्मल पर्याय प्रगट होती है।

**डॉ. नेमीचन्दजी :** ठीक बात है।

**पूज्य बहिनश्री :** शुभ परिणाम भी पुण्यबंधका कारण है; उससे स्वर्ग मिलता है, भवका अभाव नहीं होता। बाह्य दृष्टिसे धर्म नहीं होता। अभ्यन्तर दृष्टि करो।—ऐसा मार्ग बतानेवाले तो जगतमें कोई विरले ही होते हैं। यह मार्ग गुरुदेवने बताया। इस मार्ग पर चलनेसे, द्रव्यदृष्टि होनेसे मुक्तिका पंथ शुरू होता है, मुक्तिका अंश प्रगट होता है, स्वानुभूति होती है। उसमें विशेष लीन होनेसे सच्ची मुनिदशा प्रकट होती है। मुनिदशामें, वारंवार वारंवार आत्मामें लीन होनेसे केवलज्ञान होता है। ऐसा मार्ग बतानेवाला जगतमें कोई नहीं था।

**डॉ. नेमीचन्दजी :** क्या आप कभी ध्यान करती हैं?

**पूज्य बहिनश्री :** ध्यान तो करती हूँ, आत्माका ध्यान होता है—चैतन्यका ध्यान होता है। गुरुदेवने बताया है वह भीतरमें चलता है—भेदज्ञानकी धारा और चैतन्यका ध्यान।

**डॉ. नेमीचन्दजी :** मैं सुनता हूँ आपको भवान्तरका ज्ञान हो गया है?

**पूज्य बहिनश्री :** यह गुरुदेवका प्रताप है। भवका अभाव तो आत्माकी अनुभूतिसे ही होता है। बीचमें भवान्तर तो जाननेमें आ जाता है। मैं अपने मुंहसे कभी इसका विस्तार नहीं करती। गुरुदेव थे, जो

सब बताते थे। मैं तो अपने आत्मामें स्थिर होनेका—लीन होनेका कार्य करती हूँ और श्रुतज्ञानका चिन्तन करती हूँ। तबियत ऐसी है; अतः शास्त्रस्वाध्याय जो होती है वह करती हूँ और भीतरमें श्रुतका एवं आत्माका ध्यान जो होता है वह करती हूँ —आत्माकी स्वानुभूति करती हूँ।

**डॉ. नेमीचन्दजी :** आप बीमार रहती हैं तो इससे आपकी आध्यात्मिक साधनामें बाधा तो नहीं पड़ती ?

**पूज्य बहिनश्री :** शरीरसे आत्माको बाधा कैसी ? शरीर तो परद्रव्य है। आत्मा—चैतन्यद्रव्य उससे भिन्न है। इसके द्रव्य, गुण भिन्न हैं, शुद्ध पर्यायकी धारामें वह बाधा नहीं कर सकता। बहारसे कार्य—शास्त्र-स्वाध्याय—नहीं हो सके, तो भीतर तो हो सकता है। अन्दर चैतन्यका ध्यान हो सकता है।...यह सब गुरुदेवका प्रताप है। हम तो उनके चरणोंके दास हैं।

**डॉ. नेमीचन्दजी :** आपको मैंने बहुत कष्ट दिया है। आप मुझे क्षमा कीजियेगा। आपकी आध्यात्मिक परिपक्वताको जान कर मुझे शब्दातीत प्रसन्नता हुई है।

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના વિવિધ દાનખાતાઓ માટે દાતાર તરફથી જાહેર કરવામાં આવેલી દાનરાશિ :-

૫૦૦૧ શ્રીમતિ શારદાબેન શાંતિલાલ તથા પરિવાર તરફથી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાની ખુશાલીમાં નંદીશ્વર જિનાલય, સમાધિ મંદિર આદિ ખાતામાં

૩૩૦૩ શ્રી તખતરાજજી વનાજી કલકત્તાવાળા તથા તેમના પરિવાર તરફથી

૧૦૦૧ અષ્ટાન્હિકા તેરહદ્વિપમંડળવિધાન પૂજાના

૨૨૦૨ શ્રી નંદીશ્વર જિનાલય, સમાધિ મંદિર આદિ ખાતે.

૩૦૦૮ શ્રી દામોદરદાસ હંસરાજ મોદી અમદાવાદ-વાળા તથા તેમના પરિવાર તરફથી પ્રશમ-મૂર્તિ પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાની ખુશાલીમાં રૂા. ૩૦૦૮ શ્રી નંદિશ્વર જિનાલય સમાધિ મંદિર આદિ ખાતે

૭૫૩ સ્વ. શ્રી પ્રભાબેન અમૃતલાલ મહેતા હા. હીરાભાઈ મહેતા રાજકોટ તરફથી શ્રી નંદીશ્વર જિનાલય તથા સમાધિમંદિર આદિ ખાતે

૫૦૧ શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈન મલાડવાળા તરફથી તેમની સુપુત્રી ચેતનાના વેવિશાળની ખુશાલીમાં ૬૯ મી જન્મજયંતીના દિવસે મહે-માનોને ચા-પાણી માટે

૧૦૧ શ્રી જયવંતલાલ મગનલાલ મહેતા ઘાટકોપર તરફથી તેમની સુપુત્રી અલ્પાના વેવિશાળ પ્રસંગે

૧૦૧ શ્રી જીવણલાલ કપૂરચંદ બદાણી તરફથી તેમના સુપુત્ર વિકાસના વેવિશાળ પ્રસંગે

અપાર કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્‌ગાર

## સત્યની પ્રરૂપણા કરતાં કોઈ જીવને ન રુચે ને દુઃખ થાય તો માફ કરજે ભાઈ! તને દુઃખ થાય એ અમે ઇચ્છીએ નહીં


બધાય જીવો પરમાનંદસ્વરૂપ આત્મા છે, પછી કોનો અનાદર હોય!

કોઈ જીવને દુઃખ થાય એ હોય નહીં, બધા જીવો પરમાનંદ-સ્વરૂપ છે. જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મા છે. એના સ્વભાવમાં દુઃખ ક્યાં છે? ભાઈ! ઊંધી શ્રદ્ધા કરતાં પર્યાયમાં તને દુઃખ થશે. સત્યની પ્રરૂપણા કરતા એ ન રુચે ને તને દુઃખ થાય એ અમે ઇચ્છીએ નહીં. માફ કરજે ભાઈ! આહાહા! આવો મારગ છે! કોઈ પણ જીવ—એકેન્દ્રિયથી માંડીને તે જ ભવે સિદ્ધ થનાર બધાય જીવો પરમાનંદ સ્વરૂપ આત્મા છે પછી કોનો અનાદર હોય! મને દુઃખ થાય તો એ ન ગમે તેમ બીજાને દુઃખ થાય એ પણ કેમ ઇચ્છીએ! ઊંધી શ્રદ્ધા-પ્રરૂપણા કરીને દુઃખી થાય એને કેમ અનુમોદાય? સાધુપણાની ભગવાને કહેલી સત્ય પ્રરૂપણા થતાં અઠ્ઠાવીસ મૂળગુણ ચોકખા ન હોય ને છેદાય એને સાધુ કહેવાય નહીં, દ્રવ્યલિંગી પણ કહેવાય નહીં.—એવી સત્ય પ્રરૂપણાથી કોઈને દુઃખ થાય એમ ન હો! ભાઈ! બાપુ! ઘાસનું તણખલું જરા વાગે તોપણ દુઃખ થાય તો મિથ્યા શ્રદ્ધાના કેટલા દુઃખ તને થાય! એ કેમ અનુમોદાય? સૌ આત્માને શાંતિ....શાંતિ....શાંતિ....થાવ. અહીં અમારે તો કોઈનો વિરોધ નથી. કોઈ અમારો વિરોધ કરતું નથી. બધા આત્મા દ્રવ્યસ્વભાવે તો સાધર્મી છે. વિરોધતાનો ભાવ પોતાને નુકશાન કરે છે, બીજાને નહીં અને અવિરોધતાનો ભાવ પણ પોતાને લાભ કરે છે બીજાને નહીં. આહાહા! આત્મા તો સર્વથી ઉદાસ....ઉદાસ....ઉદાસ છે.

—પૂજ્ય ગુરુદેવ

હે ગુરુદેવ! આપે એકાકી, નિસ્પૃહ અને
નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને
પ્રગટ કરી ભારતના જીવોને તે સહજ માર્ગે
નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી
વાળ્યા છે; શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડાં સૂક્ષ્મ
હાર્દ પ્રકાશ્યાં છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર,
દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિના નિર્વિકલ્પ
દશા વગેરે ચૈતન્યના અદ્‌ભુતતા વાણી દ્વારા પ્રકાશ
કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે,
તે પંથે વાળ્યા છે. આપ ભારતના મહાન વિભૂતિ
અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ! આપના ઉપકારોનું શું વર્ણન
થાય? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના
આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે.
આપની સેવા-ભક્તિ અંતરમાં વસ્તા રહો. આપના
ચરણકમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી
વંદન નમસ્કાર હો.



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

(૧) નિશ્ચયથી નિત્ય રહેવાવાળું દ્રવ્ય, કઈ અનિત્ય પર્યાયથી જુદું છે? અને ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળી કઈ પર્યાય, નિત્ય દ્રવ્યથી જુદી છે? આ જગતમાં નિત્ય રહેવાવાળું દ્રવ્ય, ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળા પર્યાયરૂપ સ્વઅંશ વિના હોતું નથી અને ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળો અંશ, દ્રવ્ય વિના હોતો નથી. (શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વ સ્ફોટ-સ્તુતિ ૧૮, શ્લોક ૮.)

(૨) જેમ મુઠ્ઠી વડે આકાશ ઉપર પ્રહાર કરવો નિરર્થક છે, જેમ ચોખાને માટે ફોતરાને ખાંડવા નિરર્થક છે, જેમ તેલને માટે રેતીને પીલવી તે નિરર્થક છે, જેમ ઘી માટે જળને વલોવવું તે નિરર્થક છે. કેવળ મહાન ખેદનું કારણ છે. તેમ અશાતાવેદનીયાદિ અશુભ કર્મનો ઉદય આવતાં વિલાપ કરવો, રડવું. ક્લેષિત થવું, દીન વચનો બોલવા નિરર્થક છે—દુઃખ મટાડવાને સમર્થ નથી, પરંતુ વર્તમાનમાં દુઃખ વધારે છે અને ભવિષ્યમાં તિર્યંચગતિ તથા નરકનિગોદના કારણભૂત તીવ્ર કર્મ બાંધે છે જે અનંતકાળમાં પણ છૂટતાં નથી. (શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૬૨૫)

(૩) જે શ્રાવકે જ્યાં ત્યાં દોડવાવાળા મનને વશ કર્યું છે તેણે સંતોષરૂપ અમૃતને પ્રાપ્ત કરીને કયા સુખને પ્રાપ્ત કર્યું નથી? અર્થાત્ સંતોષની પ્રાપ્તિ થવાથી તેણે સર્વ પ્રકારના સુખને પ્રાપ્ત કર્યું છે, કારણ કે ખરેખર સંતોષ એ જ સુખ છે અને અસંતોષ એ જ દુઃખ છે.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્ન સંદોહ, ગાથા-૭૯૫)

તંત્રી : રામજીભાઈ માણેકચંદ દોશી
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364250
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ. [વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦]